જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૫૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૬ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૫ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૧૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૫૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૫૭/૧૭**

**કૃષ્ણનગર :** મલય પ્રવીણભાઇ શાહ (રહે,ગોપાલનગર જયાનદ સોસાયટીની બાજુમા સીનેપ્રાઇડ સીનેમા પાસે, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૨/૧૭ બપોરના ૧/૦૦ થી તા.૬/૧૨/૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની લોખંડની જાળીના નકુચા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રૂમમાં પડેલ તિજોરીની ચાવીથી તીજોરી ખોલી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**ઓઢવ :** ક્ષિતીજ સ/ઓ ઉદયન વ્યાસ (રહે,પટેલવાસ રામજી મંદિરની સામે પંચાયત ઓફિસ પાસે ઓઢવગામ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૨/૧૭ સાંજના ૬/૩૦ થી તા.૬/૧૨/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન સિંગરવા વેપારી મહામંડળ યુનિટ નંબર-૫ સત્યનારાયણ ઇલેક્ટ્રીકલ ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાંથી લોખંડનો દરવાજો કુદી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, કંપનીમાં પડેલ કોપર વાયરનાં બંડલ નંગ૦૮ વજન આશરે ૨૦૦ કિલો કિંમત રૂપીયા આશરે ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ. શ્રી પી.કે.જાદવ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૫૮/૧૭**

**ખોખરા :** ભરતસિહ હતુસિહ રહેવર (ઉ.વ.૫૨)(રહે,ગુજરાત હાઉસિંગ બોર્ડ સર્વોદય નગરની સામે ખોખરા સર્કલ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૨/૧૭ રાતના ૧૧/30 થી તા.૫/૧૨/૧૭ ના કલાક ૫/30 વાગ્યા દરમ્યાન ખુલ્લા દરવાજાથી પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોનાની પેંડલ સાથેની ચેઇન કિંમત રૂપીયા ૨૦,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપીયા ૩,૦૦૦/- તેમજ એક્ટીવા નંબર જી.જે-૦૧-જે.ક્યુ.-૧૬૯ કિંમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપીયા ૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી આર.એસ.ત્રીવેદી ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૫૯/૧૭**

**રામોલ :** કેતનભાઇ મંગલભાઇ પટેલ (રહે,રઘુલીલા રેસીડેન્સી કર્ણાવતી મેગા મોલની પાસે વસ્ત્રાલ) એ તા.૦૬/૧૨/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૨/૧૭ નાં કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ પુર્વદિપ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે પુજા એન્ટરપ્રાઇઝ નામના કારખાના પાસે રોડ ઉપર પોતાની બોલેરો પીકપ ગાડી નંબર જીજે.૦૧.ડી.વાય.૦૬૨૦ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૦૪/૧૨/૧૭ ના કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

**મૃતનવજાત શીશુ મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૬૦/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** તા.૫/૧૨/૧૭ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ ડફનાળા વોક વે ખુલ્લી જગ્યા નજીક સાબરમતી નદીમાંથી એક નવજાત શીશુ (બાબો) મૃત હાલતમાં રીવરફ્રન્ટઇસ્ટ પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.ભરવાડ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૪૬૧/૧૭**

**નારોલ :** અહલ્યાબેન વા/ઓ પ્રેમલાલ ચૌધરી (ઉ.વ.૨૬)(રહે,ધ્રુવનગર શાહવાડી નારોલ) તા.૨૫/૧૧/૧૭ રાતનાં ૯/30 વાગ્યાના સુમારે પ્રાઇમસ ઉપર ચા બનાવતા હતા તે વખતે પ્રાઇમસને પંપ મારતી વખતે પ્રાઇમસમાં અચાનક ભડકો થતા, પહેરેલ કપડાને આગની ઝાળ લાગતા, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ માં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૨/૧૭ ના કલાક ૮/૦૦ વાગે અહલ્યાબેનનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.